## કાપણી પછી તરત જ એરંડા વેચવાનો નિર્ણય ખેડૂતો લઈ શકે છે

ચાલું વર્ષ ૨૦૧૯-૨૦ માં ભારતમાં એરંડાનું વાવેતર વધીને ૯.૩૮ લાખ હેક્ટર જેટલુ થયેલ છે, જે ગયા વર્ષે ૮.૭૭ લાખ હેક્ટર જેટલુ હતું, જેમાં આશરે ૬૦ હજાર હેક્ટરનો વધારો થયેલ છે. મૌસમ દરમિયાન પાકની સ્થિતિ સામાન્ય રહેવાને કારણે ઉત્પાદન પણ વધીને આશરે ૨૦.૪૩ લાખ ટન જેટલું થશે (બીજો આગોતરો અંદાજ, તા.૧૮-૦૨-૨૦૨૦), જે ગત વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧૨.૧૫ લાખ ટન હતું. સને ૨૦૧૧-૧૨ માં એરંડાનું ૨૨.૯૫ લાખ ટન જેટલુ બમ્પર ઉત્પાદન થવાને લીધે તેના ભાવ (મણના રૂા. ૮૦૦ આસપાસ) ઓગસ્ટ, ૨૦૧૮ સુધી દબાયેલા રહેલા. પરંતુ ગયા વર્ષે ઓછા ઉત્પાદનને કારણે ભાવ વધવાનું શરૂ થયું હતું અને નવેમ્બર, ૨૦૧૮ માં વધીને મણનાં રૂા. ૧૧૦૦ જેટલા થયેલ હતા અને સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી આ સ્તરે રહેલા હતા. ચાલું મોસમમાં વધુ ઉત્પાદનના અંદાજને કારણે તેમાં ઘટાડાનું વલણ ફરીથી જોવા મળી રહેલ છે.

ગુજરાતમાં ચાલું વર્ષ ૨૦૧૯-૨૦ માં એરંડાનું વાવેતર આશરે ૭.૪૧ લાખ હેક્ટર જેટલું થવાનો અંદાજ છે, જે ગત વર્ષ ૨૦૧૮-૧૯ માં ૫.૨૨ લાખ હેક્ટર હતું અને ઉત્પાદન ગત વર્ષે ૯.૪૪ લાખ ટન જેટલું હતું જે આ વર્ષે વધીને અંદાજે ૧૬.૪૫ લાખ ટન જેટલું થશે. પાકની પરિસ્થિતિ સારી હોવાથી, ઉપજ સમાન્ય કરતા વધારે મળશે. ગયા વર્ષ કરતા આ વર્ષે રાજસ્થાન અને આંધ્રપ્રદેશમાં એરંડાનો વિસ્તાર ઓછો હોવાનો અંદાજ છે, પરંતુ સરેરાસ પાકની સ્થિતિ સારી છે.

એરંડાના તેલની નિકાસ વર્ષ ૨૦૧૭-૧૮ માં ૬.૯૭ લાખ ટન જેટલી થયેલ, જે ઘટીને વર્ષ ૨૦૧૮-૧૯ માં ૫.૭૪ લાખ ટન થયેલ છે. ગત વર્ષે ઓછુ ઉત્પાદન અને ઉંચી કિંમતનાં લીધે નિકાસ ઘટેલ હતી. ચાલું વર્ષે પણ એપ્રિલ, ૨૦૧૯ થી જાન્યુઆરી, ૨૦૨૦ સુધીમાં લગભગ ૪.૪૧ લાખ ટન દિવેલની નિકાસ થયેલ છે અને માર્ચ સુધીમાં તે ગયા વર્ષ જેટલી થવા સંભવ છે. એરંડાના તેલના વિવિધ ઉત્પાદનોની નિકાસ અને ઘરેલું વપરાશ લગભગ ૧.૮ લાખ ટન થવાની ધારણા છે. આ માટે આશરે ૧૮ લાખ ટન એરંડાનું પિલાણ કરવાની જરૂરીયાત રહેશે. આ સૂચવે છે કે, ચાલું વર્ષનું ઉત્પાદન તેલની માંગ કરતાં ઘણું જ વધારે થશે. આનાથી એરંડાનો ભાવ ઘટવા તરફી છે. અને હાલમાં તે ફેબ્રુઆરી, ૨૦૨૦ માં મણનાં રૂા. ૭૬૦ ની આસપાસ પ્રવર્તમાન છે. જે થોડી વધ-ઘટ સાથે આ સ્તરે રહેવા સંભવ છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જુનાગઢની સંશોધન ટીમે પાટણ માર્કેટિંગ યાર્ડનાં દિવેલાનાં ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે, કે એરંડાનો ભાવ **માર્ચ – મે, ૨૦૨૦ દરમ્યાન કાપણી સમયે મણનાં રૂા. ૭૪૦ થી ૮૨૦ જેટલા રહેવાની સંભાવના છે.** ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એરંડાનો સંગ્રહ ન કરતા કાપણીપછી તરતજ વેંચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે.

ભારતમાંથી નિકાસ થતા દિવેલના કુલ જથ્થા પૈકી ૪૦ ટકા જેટલો જથ્થો ચીનમાં નિકાસ થાય છે. ચીનમાં કોરોના વાયરસની સમસ્યાને કારણે હાલ મોટા પાયે વેપારમાં ઘટાડો થઈ શકે છે. જેથી એરંડાના ભાવ વધુ નીચા જાય તો તે સ્થિતિમાં, ખેડૂતો થોડા મહિના એરંડાનો સંગ્રહ કરી બજાર સુધરે ત્યારે વેચાણ કરવા પોતાની રીતે નિર્ણય કરી શકે છે.